# ગેરમાન્યતા વિરુદ્ધ હકીકત

सत्यमेव जयते

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ગુજરાત સરકાર

## ઓરી અને રૂબેલા

રસીકરણ અભિયાન

**ઓરીનો અંત આણવા તેમજ રૂબેલાના નિયંત્રણ માટે આપણો દેશ કૃત-નિશ્ચયી છે.**

ગેરમાન્યતા

# રસીની સુરક્ષા અને અસરકારકતા

? ઓરી રુબેલા (એમઆર) રસી પ્રતિકૂળ આડઅસરો ધરાવે છે, બાળકોની રોગપ્રતિકારક શક્તિને અસર કરે છે અને ધ્યાન કેન્દ્રીત કરવાની તેમની ક્ષમતાને અસર કરે છે.

Myths & Facts Final.indd 2 07-May-18 10:30:13 AM

**હકીકત**

# રસીની સુરક્ષા અને અસરકારકતા

**આ એક સુરક્ષિત અને અસરકારક રસી છે,** જેનો વિશ્વભરના ઘણા દેશોમાં 40થી પણ વધુ વર્ષથી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

**એમઆર રસીકરણને લીધે થતી પ્રતિકૂળ અસરો સામાન્યપણે હળવી અને ક્ષણિક હોય છે** - હળવો તાવ, લાલ દાણા અને સ્નાયુઓમાં દુ:ખાવો, જે તેમની જાતે ઓછા થઈ જાય છે.

ઇન્જેક્શનથી અપાતી અન્ય રસીની જેમ ઇન્જેક્શન આપ્યું હોય એ જગ્યા પર **હળવો દુ:ખાવો અને લાલાશ થઈ શકે છે.**

ગેરમાન્યતા

# રસીની સુરક્ષા અને અસરકારકતા

❓ આ રસીની સુરક્ષા અને અસરકારકતાનું પરીક્ષણ કરવામાં આવ્યું નથી.

**હકીકત**

# રસીની સુરક્ષા અને અસરકારકતા

**1**

વિશ્વભરમાં કરોડો બાળકોને સુરક્ષિત રીતે **એમઆર રસીથી રક્ષણ આપવામાં આવ્યું છે.**

**2**

હાલમાં ઉપયોગમાં લેવામાં આવતી લાઇવ એટેન્યુએટેડ એમઆર રસી **સુરક્ષા અને અસરકારકતા માટે શ્રેષ્ઠ ટ્રેક રેકોર્ડ ધરાવે છે.**

**3**

એમઆર અભિયાનમાં આપવામાં આવતી **રસી ભારતમાં ઉત્પાદિત કરવામાં આવે છે અને તેને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન (ભારત) દ્વારા પરવાનો આપવામાં આવ્યો છે.** આ જ રસી ભારતના સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં આપવામાં આવી રહી છે અને તેને બાંગ્લાદેશ, શ્રીલંકા, નેપાળ તથા મ્યાનમાર જેવા ઘણા પડોશી દેશોમાં પણ આપવામાં આવે છે.

**4**

ભારતમાં ખાનગી પ્રેક્ટિશનર્સ ઓરી – રૂબેલા (એમઆર) અથવા ઓરી – ગાલપચોળિયાં – રૂબેલા (એમએમઆર)ની રસી ઘણા વર્ષોથી બાળકોને આપી રહ્યા છે. **ઈન્ડિયન એકેડેમી ઓફ પિડિયાટ્રિક્સ (આઇએપી) એમઆર રસીકરણની વ્યુહરચનાને સમર્થન આપે છે.**

Myths & Facts Final.indd 5 07-May-18 10:30:14 AM


ગેરમાન્યતા

# વિદેશમાં ઉત્પાદિત રસી

❓ એમઆર રસી ભારતની બહાર ઉત્પાદિત થાય છે અને તેનું ભારતીય બાળકો પર પરીક્ષણ કરવામાં આવે છે.

**હકીકત**

# વિદેશમાં ઉત્પાદિત રસી



પ્રવર્તમાન એમઆર અભિયાન હેઠળ આપવામાં આવતી એમઆર રસી ભારતમાં ઉત્પાદિત થાય છે અને તેને સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન (ભારત) દ્વારા પરવાનો આપવામાં આવ્યો છે.

**મોટા ભાગની વૈશ્વિક સ્તરની ઓરી-રૂબેલા (એમઆર) રસીનો પુરવઠો ભારતમાંથી પૂરો પાડવામાં આવે છે.**

Myths & Facts Final.indd 7 07-May-18 10:30:14 AM

ગેરમાન્યતા

# વંચિત સમુદાય

- એવું ષડયંત્ર છે કે એમઆર રસી મુસ્લિમ વસતીમાં પ્રજનનક્ષમતાને નિયંત્રિત કરવા માટે ઉપયોગમાં લેવામાં આવી રહી છે.
- શું આ માત્ર મુસ્લિમ સમુદાય માટે છે અને શું આ દેશની સરકારનું ષડયંત્ર છે?

Myths & Facts Final.indd 8 07-May-18 10:30:15 AM

હકીકત

# વંચિત સમુદાય

**એમઆર રસી અને વંધ્યતા વચ્ચે કોઇ સંબંધ નથી**

ઓરી–રૂબેલા (એમઆર) **રસી ઓરી અને રૂબેલા રોગ અને રોગ સાથે સંકળાયેલી સમસ્યાઓ** (જેવી કે વિકલાંગતા અને અકાળે મૃત્યું) **સામે રક્ષણ પૂરૂં પાડે છે.**

**એમઆર અભિયાન** દેશભરમાં ઓરીને નાબુદ કરવા અને રૂબેલાને તથા જન્મજાત રૂબેલા સિન્ડ્રોમ (સીઆરએસ)ને નિયંત્રિત કરવા માટે હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ અભિયાન સમુદાયમાં રોગપ્રતિકારક શક્તિનું ઝડપી નિર્માણ કરવાનો અને રોગનાં પ્રસરણની શૃંખલાને તોડવાનો લક્ષ્યાંક ધરાવે છે. ધર્મને ધ્યાનમાં લીધા વિના તે **દેશભરના 9 મહિનાથી 15 વર્ષની વય ધરાવતા છોકરાઓ અને છોકરીઓ એમ તમામ બાળકોને આપવામાં આવનાર છે.**

ગેરમાન્યતા

# એમઆર રસી આપવા માટેની વય

? રસી જ્યારે બાળકો શિશું હોય/ચાલતા શીખતા હોય ત્યારે નહીં, પરંતુ કિશોરાવસ્થાના તબક્કા દરમિયાન મૂકાવી જોઇએ.

**હકીકત**

# એમઆર રસી મૂકવા માટેની વય

- બાળકોને ચેપ લાગવાનું જોખમ સૌથી વધુ હોય એવા સમયગાળા એટલે કે **બાલ્યાવસ્થા દરમિયાન પર્યાપ્ત રક્ષણ સુનિશ્ચિત કરવા માટે ઓરીની રસી આપવી મહત્ત્વપૂર્ણ હોય છે.**
- ડબ્લ્યુએચઓ ભલામણ કરે છે કે જે દેશોમાં શિશુઓમાં ઓરીથી મૃત્યુનું પ્રમાણ વધુ હોય ત્યાં **ઓરીના સમાવેશવાળી રસી 9 મહિનાની વયે મૂકાવી જોઇએ.**
- **એમઆર રસીનો પ્રથમ ડોઝ 9 મહિના પૂર્ણ થયા પછી 12 મહિના સુધીની વયમાં આપવો જોઇએ** અને બીજો ડોઝ 16-24 મહિનાની વચ્ચે આપવો જોઇએ.
- પ્રવર્તમાન એમઆર અભિયાન હેઠળ અગાઉ આપવામાં આવેલી રસીના (અભિયાન અથવા સાર્વત્રિક રસીકરણ મારફતે) ડોઝને ધ્યાનમાં લીધા વિના **9 મહિનાથી 15 વર્ષથી ઓછી વયજૂથમાં આવતા પ્રત્યેક બાળકને** રસીનો પૂરક ડોઝ આપવાની જરૂર છે.

ગેરમાન્યતા

# એમઆર રસી મૂકાવી

? રસીકરણ અભિયાન દરમિયાન ઉપયોગમાં લેવામાં આવતી સોંય સુરક્ષિત હોતી નથી.

**હકીકત**

# એમઆર રસી મૂકાવી



**ઓરી-રૂબેલા અભિયાન હેઠળ સિરિન્જિસ અને સોંય સ્ટરાઇલ પેકેજિસમાં આવે છે અને તે ઓટો-ડિસેબલ સિરિન્જિસ હોય છે, જેનો પુનઃઉપયોગ કરી શકાતો નથી.**

Myths & Facts Final.indd 13 07-May-18 10:30:16 AM

ગેરમાન્યતા

# એમઆરની અગાઉથી રસી લઈ લીધી હોય એવું બાળક

? પિડિયાટ્રિશિયન્સ બાળકને અગાઉથી રસી આપી દીધી હોવાને લીધે અથવા તેમને લાગે છે કે આ બાળકનાં આરોગ્યને નોંધપાત્ર અસર કરતી નથી એટલા માટે આ અભિયાનને ટાળવાની સલાહ આપી રહ્યા છે.

**હકીકત**

# એમઆરની અગાઉથી રસી લઈ લીધી હોય એવું બાળક

**પોતાના પિડિયાટ્રિશિયન અથવા આરોગ્ય કેન્દ્રોમાં ઓરીની રસી મેળવી લીધી હોય તેવા બાળકોએ** પણ અભિયાન દરમિયાન એમઆરની રસી લેવી જોઇએ.

એ બાબત નોંધવામાં આવી છે કે રસી મેળવેલા અમુક **બાળકોને પણ આ રોગ થઈ રહ્યો છે, તેથી અભિયાન દરમિયાન પૂરક ડોઝ બાળકને વધારાનું રક્ષણ પૂરૂં પાડે છે.** ઓરી બાળપણમાં થતા મૃત્યુંનું કારણ બનતો મુખ્ય રોગ છે અને રૂબેલાથી જીવનપર્યંત જન્મજાત ખામી આવે છે. બંને રોગનો ઉપચાર નથી, પરંતુ તેમને એમઆર રસી લઈને રોકી શકાય છે. બાળકોને સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ અને અભિયાન દરમિયાન રસી મૂકાવવી મહત્ત્વપૂર્ણ છે.

ગેરમાન્યતા

# સરકારી શાળાઓ શા માટે?

❓ કેટલાંક સમુદાયના સભ્યો એવા પ્રશ્નો ઊભા કરે છે કે આરોગ્ય તંત્રે એમઆર અભિયાન માટે માત્ર સરકારી શાળાઓને જ કેમ પસંદ કરી છે અને મોટી ખાનગી શાળાઓને કેમ નહીં.

**હકીકત**

# સરકારી શાળાઓ શા માટે?

**એમઆર રસીકરણ અભિયાન તમામ શાળાઓમાં હાથ ધરવામાં આવશે,** પછી પછી તે સરકારી શાળા હોય કે ખાનગી શાળા.




એમઆર અભિયાન દેશભરમાં ઓરીને નાબુદ કરવા માટે અને રૂબેલા તથા જન્મજાત રૂબેલા સિન્ડ્રોમ (સીઆરએસ) ને નિયંત્રિત કરવા માટે હાથ ધરવામાં આવી રહ્યું છે, જેના માટે **ચેપનું જોખમ ધરાવતા તમામ બાળકોને રોગની શૃંખલા તોડવા માટે રસી આપવી જરૂરી છે.**

Myths & Facts Final.indd 17 07-May-18 10:30:16 AM


ગેરમાન્યતા

# સરકારી શાળાઓ શા માટે?

? આ સરકારી કાર્યક્રમ છે અને તેથી સરકારી શાળાઓમાં અમલ કરવામાં આવ્યો છે, પરંતુ ખાનગી શાળાઓને શા માટે આ રસી સ્વીકારવાની ફરજ પાડવામાં આવી રહી છે?

# હકીકત સરકારી શાળાઓ શા માટે?

એમઆર અભિયાન દેશભરમાં ઓરીને નાબુદ કરવા માટે અને રૂબેલા તથા જન્મજાત રૂબેલા સિન્ડ્રોમ (સીઆરએસ)ને નિયંત્રિત કરવા માટે હાથ ધરવામાં આવ્યું રહ્યું છે, જેના માટે તમામ અરક્ષિત બાળકોને રોગની શૃંખલા તોડવા માટે રસી આપવી જરૂરી છે. **એમઆર અભિયાનમાં અપાતો ડોઝ નિયમિતપણે અપાતા ડોઝ સિવાયનો પૂરક ડોઝ છે.**



આ અભિયાન ખાનગી અને સરકારી એમ બંને શાળાઓમાં હાથ ધરવામાં આવશે. 9 મહિનાથી 15 વર્ષથી ઓછી વયજૂથમાં આવતા **છોકરાઓ અને છોકરીઓ** એમ તમામ બાળકોને રોગ નાબુદ કરવા માટે અને સમક્રમણની શૃંખલાને તોડવા માટે રસી અપાવવી આવશ્યક છે.

NATIONAL HEALTH MISSION

राष्ट्रीय स्वास्थ्य मिशन

સમજદારી દાખવો!

આપના બાળકનું

સંપૂર્ણ રસીકરણ કરાવો

Myths & Facts Final.indd 20 07-May-18 10:30:17 AM